બોર્ડબેઠક નં.૨૫૪ તા.૨૦/૦૩/૨૦૨૩ ને સોમવારના રોજ ૧૨:૦૦ કલાકે

સ્થળ :- વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના કમિટિ રૂમમાં

| મુદ્દા નંબર | વિષય | ઠરાવ નં | પાન નં. |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ ની ૨૫૩ મી બેઠકનીકાર્યવાહીને બહાલી આપવા બાબત. | ૨૮૩૧ | ૨-૩ |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત. | ૨૮૩૨ | ૪ |
| ૩ | મોજે. અટલાદરા તા.વડોદરા વ.કે.નં. ૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ થી સંપાદન થયેલ સ.નં. ૪૮,૧૧ પૈકી, ૧૪ પૈકી માંથી સ.નં. ૪૮ નું જ.કા.કલમ – ૨૮/એ હેઠળ વધુ વળતરની રક્મ રૂ!.૧૮,૨૨,૯૫૯/- ની નાણાંકીય જોગવાઇ કરવા બાબત. | ૨૮૩૩ | ૫-૬ |
| ૪ | વુડા સત્તામંડળના આઉટસોર્સિંગ કર્મચારીઓના ફિક્સ માનદ વેતનમાં વધારો કરવા બાબત. | ૨૮૩૪ | ૭ |
| ૫ | વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના સને ૨૦૨૧.ના વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત ૨૨- | ૨૮૩૫ | ૮ |
| ૬ | સત્તામંડળનું સને ૨૦૨૨-૨૩ ના નાણાકીય વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૩-૨૪ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત | ૨૮૩૬ | ૯ |
| ૭ | વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના | ૨૮૩૭ | ૧૦-૧૧ |
| ૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં પૂર્વ વિસ્તારમાં આવેલા ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવાના પ્રોજેક્ટ અંતર્ગત ૬૦% રકમ જલ જીવન મિશન હેઠળ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને હવાલે મૂકવા બાબત. | ૨૮૩૮ | ૧૨ |
| ૯ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં આવેલ નગર રચના યોજનાઓના રસ્તાઓના મેન્ટેનન્સની કામગીરી માટે વહીવટી મંજુરી આપવા બાબત. | ૨૮૩૯ | ૧૩-૧૪ |
| ૧૦ | વુડાની ટી.પી.સ્કીમોમાં બાગ-બગીચા, વૃક્ષારોપણ માટે સંપ્રાપ્ત થયેલ પ્લોટોમાં ચેઈનલીંક ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ અને ગેટ બનાવવાની કામગીરી બાબત. | ૨૮૪૦ | ૧૫ |
| ૧૧ | વુડા ભવન બિલ્ડીંગમાં આવેલ બે નંગ લીફ્ટ પૈકી લીફ્ટ નં (૦૨) માટે નવી લીફ્ટની કામગીરી કરવા તથા તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવા બાબત. | ૨૮૪૧ | ૧૬ |
| ૧૨ | વુડા વિસ્તારના દશરથ, કરચીયા અને બાજવા ખાતે ડ્રેનેજ લાઈન, પમ્પીંગ સ્ટેશન અને એસ.ટી.પી. બનાવવાની કામગીરી બાબત. | ૨૮૪૨ | ૧૭ |
| ૧૩ | ‍િકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ૨૮૪૩ | ૧૮ |
| ૧૪ | ‍કાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૨૬-બી (વોરાગામડી) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ૨૮૪૪ | ૧૯ |
| ૧૫ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત નગરરચના યોજના નં.૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ૨૮૪૫ | ૨૦ |
| ૧૬ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત નગરરચના યોજના નં. ૨૮/ડી(બાકરોલ, જેસંગપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | ૨૮૪૬ | ૨૧ |
| ૧૭ | મોજે. વડોદરા કસ્બા રે.સ.નં.૭૦૩ પૈકી ૧, ક્ષેત્રફળ ૪૬૫૨ ચો.મી. જમીન નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી સ્થાનીક વાણીજય ઝોનમાં ફેરવવા બાબત. | ૨૮૪૭ | ૨૨ |
| ૧૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટમુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી)ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | ૨૮૪૮ | ૨૩ |
| ૧૯ | મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (આઇ.ટી.નોડ) ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | ૨૮૪૯ | ૨૪ |
| ૨૦ | અધ્યક્ષ સ્થાનેથી..૧<br>વુડા વિસ્તારમાં ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા જરૂરીયાત અન્વયે .જી.ડી.સી.આરના વિનિયમ ૪.૭ જોગવાઇ મુજબ કમિટીની રચના કરવા બાબત. | ૨૮૫૦ | ૨૫-૨૬ |

સહી/-

જે.એસ. પ્રજાપતિ IAS

સભ્ય-સચિવ

વ

મુખ્ય કારોબારી અધિકારી

શહેરી વિકાસ સત્તામંડળ

વડોદરા

## બોર્ડ બેઠક નં.૨૫૪

### વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૦/૦૩/૨૦૨૩ના રોજ બપોર ૧૨:૦૦ કલાકે મળેલ

### ૨૫૪ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (૩) | પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત,<br>વડોદરા | સભ્યશ્રી |
| (૪) | મુખ્યકારોબારી અધિકારીશ્રી<br>**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ**,વડોદરા | સભ્ય-વ સચિવશ્રી |
| (૫) | પ્રાદેશિક કમિશ્નરશ્રી,<br>નગર પાલિકાઓ, વડોદરા | સભ્યશ્રી |
| (૬) | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૭) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | સભ્યશ્રી |

આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૦૧ થી ૧૯ અને અધ્યક્ષ સ્થાનેથી મુદ્દા નં.-૧ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુદ્દા નંબર : (૧) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ ની ૨૫૩ મી બેઠકનીકાર્યવાહીને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ ની ૨૫૩ મી બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૧૩ ના ઠરાવ ક્રમાંક ૨૮૧૧ થી ૨૮૨૩ સુધીના લેવાયેલ નિર્ણયો અંગે અત્રેના પત્ર નં. યુડીએ/મીટીંગ/૯૭૨/૨૦૨૨ તા ૧૬/૦૭/૨૦૨૨ થી વુડા સત્તામંડળના તમામ સભ્યશ્રીઓનેપાઠવવામાં આવેલ છે. જે સત્તામંડળની બાહલી માટે રજુ થતાં ઠરાવો બાબતે કોઇ સભ્યશ્રી તરફથી વાંધાસુચનો મળેલ ન હોઇ સર્વાનુમતે બહાલી આપી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૮૩૧) :</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૨/૦૭/૨૦૨૨ની ૨૫૩ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**બોર્ડબેઠક નં.૨૫૩ તા.૧૨/૦૭/૨૦૨૨ ને મંગળવારના રોજ સાંજના ૪ : ૦૦ કલાકે**

સ્થળ :- વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના કમિટિ રૂમમાં

| મુદ્દા નંબર | વિષય | ઠરાવ નંબર |
|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકનીકાર્યવાહીને બહાલી આપવા બાબત. | ૨૮૧૧ |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ ની ૨૫૧ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત. | ૨૮૧૨ |
| 3 | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના હદ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ઘન-કચરાના નિકાલ માટેની કામગીરી કરવા બાબત. | ૨૮૧૩ |
| ૪ | પ્રધાનમંત્રી આવાસ યોજનાની ખટંબા ખાતેની એક અને સેવાસી ખાતેની બે આવાસ યોજનાના MGVCL માં ભરપાઈ કરેલ લાઈટ બીલના ખર્ચને બહાલી આપવા બાબત. | ૨૮૧૪ |
| ૫ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ચાલતા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસોની બાંધકામની કામગીરીના કામો તથા અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરીના કામોમાં ભાવ વધારો આપવા બાબત. | ૨૮૧૫ |
| ૬ | પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવાસ યોજનાઓમાં મીટર કનેકશનની પ્રોસેસીંગ ફી ભરવા બાબત. | ૨૮૧૬ |
| ૭ | વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧ એફ.પી.નં. ૧૨૨ ખાતે EWS-II ના ૪૪૮ આવાસો, ૧૩ દુકાનોના બાંધકામના કામમાં થયેલ વધારાની કામગીરીના ખર્ચને મંજુરી આપવા બાબત. | ૨૮૧૭ |
| ૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની હદ માં પૂર્વ વિસ્તારમાં આવેલા ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાના અંગેના પ્રોજેક્ટના ટેન્ડરના નિર્ણય બાબત. | ૨૮૧૮ |
| ૯ | મોજે આમલીયારા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯/બી (આમલીયારા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | ૨૮૧૯ |
| ૧૦ | મોજે રતનપુર ખાતે સુચિત નગર રચના યોજના નં.૨૬-ડી રતનપુર ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | ૨૮૨૦ |
| ૧૧ | મોજે આમોદર ખાતે સુચિત નગર રચના યોજના નં.૦૧ આમોદર ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | ૨૮૨૧ |
| ૧૨ | **અધ્યક્ષ સ્થાનેથી..**<br>**(૧) મોજે વડદલા તા.વડોદરામાંથી પસાર થતા ૭૫.૦૦ મીટરના રીંગ રોડ્ની એલાઇનમેન્ટમાં કાયદાની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં ફેરફાર કરવા બાબત.** | ૨૮૨૨ |
| ૧૩ | **અધ્યક્ષ સ્થાનેથી..**<br>**(૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તૈયાર કરાયેલ અને સરકારશ્રીમાં મંજુરી સારૂ સાદર કરાયેલ મુસદ્દારૂપ નગર રચાના યોજના નં.૨૪/એ (અકોડીયા-ખાનપુર-મહાપુરા-સેવાસી) ની હદમાં સમાવિષ્ટ થતા મોજે ખાનપુરના બ્લોક/રે.સ.નં. ૪૪ અનેક૯ની જમીન માલિક/ડેવલપર દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરવામા આવેલ સ્પે.સીવીલ એપ્લી. નં.૧૧૧૩૯ ઓફ ૨૦૨૧ માં થયેલ LPA-871/2022 તથા તે પરત્વે અત્રેથી દાખલ કરેલ CA માં વકીલની નિમણુંક કરવા બાબત.** | ૨૮૨૩ |

મુદા નંબર (૨): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૫ ના ઠરાવ ક્રમાંક ૨૮૦૬ થી ૨૮૧૦ સુધીના લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ છે જે વુડા બોર્ડ સમક્ષ રજુ કરતા અમલીકરણ અંગે થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવી તથા તે પરત્વે તમામ સભ્યશ્રીઓની સર્વસંમતિથી બહાલી આપવા નીચે મુજબ ઠરાવવામં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૮૩૨): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૫/૨૦૨૨ ની ૨૫૨ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**બોર્ડબેઠક નં.૨૫૨ તા.૨૪/૦૫/૨૦૨૨ ને મંગળવારના રોજ સાંજના ૪ : ૦૦ કલાકે**

સ્થળ :- વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના કમિટિ રૂમમાં

| મુદ્દા નંબર | વિષય | ઠરાવ નંબર |
|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૬/૦૫/૨૦૨૨ ની ૨૫૧ મી બેઠકનીકાર્યવાહીને બહાલી આપવા બાબત. | ૨૮૦૬ |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૮/૦૩/૨૦૨૨ ની ૨૫૦ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોનાઅમલીકરણ બાબત. | ૨૮૦૭ |
| 3 | ડી.પી.ની કામગીરી માટે કુલ-૫ નવા કોમ્પ્યુટર Gem પોર્ટલપરથી ખરીદીને બહાલી આપવા બાબત. | ૨૮૦૮ |
| ૪ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ/વડોદરા મહાનગર પાલિકા વિસ્તારમાંથી પસાર થતાં ૭૫.૦ મી. પહોળાઇના રીંગરોડમાં ફીઝીબીલીટી સર્વેની કામગીરી બાબત. | ૨૮૦૯ |
| ૫ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારના વડોદરા-પાદરા-જંબુસર રાજય ધોરીમાર્ગ તથા વડોદરા-ગોત્રી-સેવાસી–સીંધરોટ રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦ મી. પહોળાઇના રીંગરોડમાં કાર્પેટ રોડની કામગીરી બાબત. | ૨૮૧૦ |

મુદા નંબર: (૩) મોજે. અટલાદરા તા.વડોદરા વ.કે.નં. ૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ થી સંપાદન થયેલ સ.નં. ૪૮,૧૧ પૈકી, ૧૪ પૈકી માંથી સ.નં. ૪૮ નું જ.સં.કા.કલમ– ૨૮/એ હેઠળ વધુ વળતરની રક્મ રૂ!.૧૮,૨૨,૯૫૯/- ની નાણાંકીય જોગવાઇ કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ તરફથી મોજે. અટલાદરા તા.વડોદરા વ.કે.નં. ૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ સ.નં.૪૮ હે.૦-૮૬-૦૦, સ.નં.૧૧પૈકીહે.૦-૩૪-૪૦ અને સ.નં. ૧૪ પૈકી હે.૦-૩૮-૪૫ મળી કુલ હે.૧-૫૮-૮૫ ની જમીનો લેન્ડ ડેવલોપમેન્ટની સ્કીમ માટે વળતરથી સંપાદન કરવામાં આવેલ છે. જેમાંથી સ.નં.૪૮ નું જ.કા.કલમ–૨૮/એ હેઠળ વધુ વળતર માટે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી એક્મ-૧, વડોદરા એ પત્ર નં. એલ.એ.ક્યુ/વશી/૨૦૦/૨૦૨૨ તા.૧૨/૧૦/૨૦૨૨ અનવ્યે નીચે મુજબના મુદ્દાઓની પુર્તતા કરવા જણાવેલ છે.

| અ.નં | મુદાની વિગત | મુદાનું પ્રત્યુતર |
|---|---|---|
| ૧) | કલમ-૧૮ હેઠળ વધારાનાવળતર બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ફ્સ્ટ અપીલ નં.૩૭/૨૦૧૮માં આપેલ તા.૨૧/૬/૨૦૧૮ ના ચુકાદા વિરુધ્ધ અપીલ કરવામાં આવેલ છે કે કેમ? તે બાબતેની આપની સંપાદક સંસ્થાની સપષ્ટતા રજુ કરવી તેમજ | સ.નં.૧૪ પૈકીના કબજેદારને ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં LR No.૧૨૧/૧૪ ઓર્ડર તા.૨૨/૦૮/૧૭ થી વધુ વળતર ચુકવવાનો આદેશ થયેલ છે. જે હુકમ સામે અત્રથી નામ.ગુ.હા.કોર્ટમાં ફ્સ્ટ અપીલ નં-૩૭/૨૦૧૮ જેનો SCA No.૧૧૦/૧૮ માં ઓરલ ઓડર તા.૨૧-૦૬-૨૦૧૮ના આદેશમાં પ્રિન્સિપલ સિનીયર સિવીલ જજ. વડોદરાના ઓર્ડર તા.૨૨/૦૮/૨૦૧૭નો ચુકાદો ગ્રાહય રાખવામા આવેલ છે. અને કોસ્ટ મનીની રકમ રૂ.૬૦,૬૧,૨૦૧/- માહી ડિસે/૧૭ સુધી નું વ્યાજ રૂ.૬૦,૫૨,૩૩૧/- + સિવીલ કોર્ટ ફી ની રકમ રૂ.૮૮૭૦/- મળી કુલ ૬૦,૬૧,૨૦૧/- ના.ગુ.હા.કોર્ટમાં ચેક.નં./તારીખ-૦૫/૦૨/૨૦૧૮થી જમા કરવામાં આવેલ છે. આમ સ.નં.૧૪ પૈકીની જમીન બાબતે ના.હા.કોર્ટના હુકમનો સ્વીકાર થયેલ છે. જે મુજબનો અભિપ્રાય સ.નં.૪૮ પૈકીની હે.૦.૮૬.૦૦ માટે આપવાનો થાય છે. |
| ૨) | જો ના તો તેને સ્વીકારવા માટે કઈ કક્ષાએ (સરકાર કે વુડા કક્ષાએ) નિર્ણય થયેલ છે? તે બાબતેની રેકર્ડ આધારીત માહિતી રજુ કરવી. | સ.નં.૧૪ પૈકીના કબજેદારને ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં LR No.૧૨૧/૧૪ ઓર્ડર તા.૨૨/૦૮/૧૭ થી વધુ વળતર ચુકવવાનો આદેશ થયેલ છે. જે હુકમ સામે અત્રેથી ના.ગુ.શ.કોર્ટમાં ફ્સ્ટ અપીલ નં-૩૭/૨૦૧૮ જેનો SCA No.૧૧૦/૧૮ માં ઓરલ ઓડર તા.૨૧-૦૬-૨૦૧૮ના આદેશમાં પ્રિન્સિપલ સિનીયર સિવીલ જજ. વડોદરાના ઓર્ડર તા.૨૨/૦૮/૨૦૧૭નો ચુકાદો ગ્રાહય રાખવામા આવેલ છે. અને કોસ્ટ મનીની રકમ રૂ.૬૦,૬૧,૨૦૧/- માહી ડિસે/૧૭ સુધી નું વ્યાજ રૂ.૬૦,૫૨,૩૩૧/- + સિવીલ કોર્ટ ફી ની રકમ રૂ.૮૮૭૦/- મળી કુલ ૬૦,૬૧,૨૦૧/- ના.ગુ.હા.કોર્ટમાં ચેક.નં./તારીખ-૦૫/૦૨/૨૦૧૮થી જમા કરવામાં આવેલ છે.<br>નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉક્ત આદેશ અંગે વુડા પેનલના એડવોકેટશ્રી હેમંત એસ મુનશા નો અભિપ્રાય મેળવતા તેવો શ્રીના પત્ર તા..24/07/૨૦૧૮ મુજબ નામદાર જીલ્લા કોર્ટ અને ત્યારબાદ નામદાર હાઇકોર્ટના નીચે મુજબના જજમેંટ ધ્યાને લઈ વુડાની અપીલ કાઢી નાખવામાં આવેલ છે.<br>(૧)LR નં.૨૩૬૯/૨૦૨૦ ગામ : અટલાદરા<br>(૨)LR નં.૫૧૯/૧૯૯૪ થી ૫૪૦/૧૯૯૯ ગામ : બિલ<br>(૩)નામ.સુપ્રીમ કોર્ટના જજમેંટ કે જે ૨૦૦૧(૩) GLH-૪૪૬ રિપોર્ટ થયેલ છે. |

| | | |
|---|---|---|
| | | આમ નામદાર સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા અભિપ્રાય નથી. તેમ જણાવેલ છે. આમ સ.નં.૧૪ પૈકીની જમીન બાબતે ના.કોર્ટના હુકમનો સ્વીકાર થયેલ છે. જે જાણવા વિનંતી છે. |
| ૩) | નાણાકીય ભરણની વિગતો ધ્યાને લેતા મહેસુલ વિભાગ કે શહેરી વિકાસ વિભાગનો પરામર્શ કરેલ કે કેમ? તે બાબતેની આપની સ્પષ્ટતા રજુ કરવી. | વળતર કેસ નં.૧૪/૯૧ એવોર્ડ તા.૨૮/૧૨/૯૪થી સંપાદન સર્વે નં.૪૮ ક્ષેત્રફળ ૮૬૦૦ ચો.મી. ની જમીનના માલિક મેલાભાઈ લલ્લુભાઈ મૈયતના વારસોનાઓએ જ.સં.ધારાની કલમ-૨૮/એ હેઠળ વધુ વળતર માટે માંગણી કરેલ છે. જે કામે કલમ-૨૮/એ હેઠળ નો ડ્રાફ્ટ મંજૂર કરવા તા.૩૧/૧૦/૨૦૨૨ સુધીનું વળતર ગણતરી પત્રક રૂ.૧૮,૨૨,૯૫૯/- ( અંકે રૂ. અઢાર લાખ બાવીસ હજાર નવસો ઓગણ સાઇઠ પુરા ) વુડા સત્તામંડળ દ્વારા નાણાકીય જોગવાઈ કરવાની રહે છે. જે અંગે આગામી બોર્ડ બેઠકમાં નિર્ણય થયેથી કાર્યવાહી કરવાની થાય છે. |

ઉક્ત મુદ્દા નં. ૩ મુજબ સર્વે નં.૪૮ પૈકી હે-0-૮૬-00ના કબજેદારશ્રીએ વધુ વળતર અંગે કલમ-૨૮/એ હેઠળનો એવોર્ડ મંજુર કરવાના કામે અત્રેની કચેરીએથી વધુ વળતર માટેની નાણાંકીય જોગવાઈ રકમ રૂ.૧૮,૨૨,૯૫૯/- (અંકે રૂપિયા અઢાર લાખ બાવીસ હજાર નવસો ઓગણ સાહીઠ પુરા) ની ચુકવવાના થાય છે. જે અંગેની નાણાકીય જોગવાઈની મંજુરી માટે વુડા બોર્ડ બેઠક સમક્ષ રજુ કરવામાં આવે છે.

ઠરાવ ક્રમાંક (૨૮૩૩): વળતર કેસ નં.૧૪/૯૧ એવોર્ડ તા.૨૮/૧૨/૯૪થી સંપાદન સર્વે નં.૪૮ ક્ષેત્રફળ ૮૬૦૦ ચો.મી. ની જમીનના માલિક મેલાભાઈ લલ્લુભાઈ મૈયતના વારસોનાઓએ જ.સં.ધારાની કલમ-૨૮/એ હેઠળ વધુ વળતર માટે માંગણી કરેલ છે. જે કામે કલમ-૨૮/એ હેઠળ નો ડ્રાફ્ટ મંજૂર કરવા તા.૩૧/૧૦/૨૦૨૨ સુધીનું વળતર ગણતરી પત્રક રૂ.૧૮,૨૨,૯૫૯/- ( અંકે રૂ. અઢાર લાખ બાવીસ હજાર નવસો ઓગણ સાઇઠ પુરા ) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, કોઠી બીલ્ડીંગ, વડોદરાએ ફંડની માંગણી કરેલ છે. આ જમીનની કિંમત અંગે વુડા સત્તામંડળની લેન્ડ પ્રાઇઝ કમીટીના અભિપ્રાય સહ આગામી બોર્ડ બેઠકમાં રજુ કરવા અને સદર પ્રકરણ / ફાઇલ પ્રવર નગર નિયોજકશ્રી, વુડાને મોકલી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર (૪) : વુડા સત્તામંડળના આઉટસોર્સીંગ કર્મચારીઓના ફીક્સ માનદ વેતનમાં વધારો કરવા બાબત.**

સત્તામંડળની કચેરીમાં છેલ્લા ઘણા વર્ષથી વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓની અછતને કારણે આઉટસોર્સીંગ એજન્સીઓ નક્કી કરી તેઓ મારફત કર્મચારીઓ લેવામાં આવે છે. લઘુત્તમ વેતનધારા મુજબ અલગ-અલગ વેતનદર ચુકવવામાં આવે છે.આઉટસોર્સીંગ કર્મચારીઓ તરફથી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળમાં આઉટસોર્સીંગ કર્મચારીઓને ચુકવવામાં આવતા વેતન મુજબ વેતન મળવાની માંગણી થયેલ છે. અત્રેના આઉટસોર્સીંગ કર્મચારીઓના તા. ૦૧/૧૦/૨૦૧૯ થી વેતન સુધારવામાં આવેલ છે.જે સુધારો થયાને૩(ત્રણ) વર્ષ થયેલ છે. હાલની આઉટસોર્સીંગ એજન્સીની મુદત ૨૮/૦૨/૨૦૨૩ ના રોજ પૂરી થાય છે.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની ૨૭૭ મી બોર્ડ બેઠક તા. ૦૫/૦૭/૨૦૧૯ મુદ્દા નં. ૦૭ થી સત્તામંડળ દ્વારા રચવામાં આવેલ ૧૦ મી મેનપાવર કમિટી દ્વારા થયેલ ભલામણ મુજબ પત્રક-(અ) મુજબ તથા ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની ૭૮ મી બોર્ડ બેઠકના મુદ્દા નં. ૦૩, ઠરાવ નં ૯૨૬ (૨૦૨૧-૨૨) અને ૮૨ મી બોર્ડ બેઠક તા.૨૬/૦૮/૨૦૨૨ મુદ્દા નં.૧૩ થી આઉટસોસિંગ કર્મચારીઓના વેતનમાં સુધારો કરી વેતન વધારો કરવામાં આવેલ છે અને તે મુજબ આઉટસોર્સીંગ કર્મચારીઓને વેતન ચુકવવામાં આવે છે.

ઉપરોક્ત વિગતે, અત્રેની કચેરીમાં આઉટસોસિંગ થી કર્મચારીઓની સેવાઓ અલગ-અલગ જગ્યાઓ /સંવર્ગમાં સેવાઓ લેવામાં આવે છે. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળમાં આઉટસોર્સીંગ કર્મચારીઓના વેતનમાં સુધારો કરી વેતન વધારો કરવામાં આવેલ છે અને તે મુજબ વેતન ચુકવવામાં આવે છે તે મુજબ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના આઉટસોસિંગ કર્મચારીઓનું નવું ફિક્સ માનદ વેતન આ સાથેના “પરીશિષ્ટ-અ” મુજબ તા. ૦૧/૦૩/૨૦૨૩ થી લાગુ કરવા અને તે મુજબના ફિક્સ માનદ વેતનથી આઉટસોર્સીંગ કર્મચારીઓ પુરા પાડવા ઈ-ટેન્ડરીંગ પ્રક્રિયાથી એજન્સી નક્કી કરવા માટેની કાર્યવાહી કરવાને બહાલી આપવા અંગેનો મુદ્દો ચર્ચા વિચારણા તથા નિર્ણય લેવા બોર્ડ બેઠક સમક્ષ દરખાસ્ત રજુ થતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક: (૨૮૩૪):</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) ની કચેરીમાં તેમજ કુબેરભવન ખાતે પ્રવર નગર નિયોજકશ્રીની કચેરીમાં આઉટ સોર્સીંગ એજન્સી મારફત કર્મચારીઓ પુરા પાડવામાં આવે છે. અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની બોર્ડ બેઠક-૨૭૭ તા.૦૫/૦૭/૨૦૧૯ થી આઉટસોર્સીંગ કર્મચારીઓના માનદ વેતનમાં વધારો થયેલ છે અને તે મુજબ વેતન ચુકવવામાં આવે છે. જે ધ્યાને લઇ ઔડા મુજબ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં આઉટસોર્સીંગ કર્મચારીઓના ફીકસ માનદ વેતન નક્કી કરવામાં આવે છે અને વધુમાં, ઔડામાં અર્બનપ્લાનરને રૂ.૩૮૦૯૦/- અને રૂ. ૪૧૦૮૮/- ચુકવવામાં આવે છે. આ બંનેમાંથી સૌથી ઓછુ હોય તે મુજબ વુડાએ ચુકવવાનુ રહેશે તેમજ, ઔડામાં GIS ઓપરેટરનુ વેતન રૂ.૧૯૯૫૦/-,GUDA માં રૂ.૧૯૫૦૦/-, વુડામાં રૂ.૨૦૦૦૦/- છે. આ ત્રણ પૈકી વુડાના હાલના વેતન મુજબ ચુકવવાનુ રહેશે. તે મુજબના પગાર ધોરણે ઓનલાઇન ટેન્ડર પ્રક્રિયા કરવા ઠરાવવામાં આવ્યુ તથા આ અંગેની કરવાની થતી કાર્યવાહી કરવા તમામ સત્તાઓ મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવા ઠરાવવામાં આવ્યુ.

મુદ્દા નંબર (૦૫) વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના સને ૨૦૨૧-૨૨ના વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળનો સને ૨૦૨૧-૨૨ ના વાર્ષિક હિસાબો તૈયાર કરી સત્તામંડળની બહાલી માટે રજૂ કરેલ છે.

ઠરાવ ક્રમાંક (૨૮૩૫):સત્તામંડળના સને ૨૦૨૧-૨૨ ના વાર્ષિક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર (૦૬) : સત્તામંડળનું સને ૨૦૨૨-૨૩ ના નાણાકીય વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૩-૨૪ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત,**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૨-૨૩ ના નાણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રને બહાલી માટે રજુ કરેલ છે.

ઠરાવ ક્રમાંક (૨૮૩૬):વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૨-૨૩ના નાણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રબોર્ડ બેઠકમાં રજુ કરવામાં આવેલ. આ વડોદરાશહેરી વિકાસ સતામડળના નાણાકીય વર્ષ-૨૦૨૨-૨૩ ના સૂધારેલ અંદાજપત્ર અને નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ના અંદાજપત્ર ને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

મુદ્દા નં.- (૭): વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના.

વુડા વિસ્તારના પુર્વ તરફના ગામોને પીવાનું પાણી પુરૂ પાડવા માટે અગાઉ સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા ૧૦ MLD પાણી પુરૂ પાડવા મંજુરી આપેલ છે. જે મુજબ રામેશરા હેડવર્ક VBC કેનાલ પરથી પાણી ઉપાડવાનું થાય છે. જેમાં ડી.પી.આર તૈયાર કરાવતા રૂ. ૧૦૦ કરોડ ખર્ચનો અંદાજ થતા ૬૦ થી ૬૫ % ખર્ચ ૫.૦૦ કીમી લાંબી પાઈપલાઈનનો થનાર હોઈ અત્રેથી ખર્ચ ઘટાડવા માટે ટીંબી તળાવ આધારિત યોજના બનાવવા તથા કેનાલ મારફત પાણી મેળવવાની મંજુરી મેળવી કાર્યવાહી કરવા દરખાસ્ત તૈયાર કરેલ હતી. જે પરત્વે જિલ્લા પંચાયત દ્વારા ટીંબી તળાવનો ઉપયોગ કરવા મંજુરી આપેલ છે. પરંતુ સ.સ.ન.નિ.લી. દ્વારા કેનાલ મારફત પાણી પુરૂ પાડવા માટે નકારાત્મક અભિપ્રાય આપેલ હોઈ ફેર વિચારણા માટે દરખાસ્ત કરેલ હતી. દરમ્યાનમાં મા.ધારાસભ્યશ્રી, વાઘોડિયા દ્વારા મા.મુખ્યમંત્રીશ્રીને આ વિસ્તારના લોકોની પાણીની સમસ્યા અંગે રજુઆત કરેલ હતી તથા આ વિસ્તારની ગામતળ માટેની કાર્યરત GWSSBની પાણી પુરવઠા યોજનામાંથી પાણી પુરૂ પાડવા ભલામણ કરતા GWSSBધ્વારા 3 MLD પાણી નિમેટા હેડવર્કસ થી રૂ. ૪/KL મુજબ પાણી ચાર્જ લઈ આપવા મંજુરી આપેલ છે. GWSSB ના તા. ૧૮/૦૧/૨૦૧૯ ના પત્રમાં જણાવ્યા મુજબ તેઓ ધ્વારા તૈયાર કરેલ અંદાજ મુજબ પાઈપલાઈન નાખવાનો અંદાજીત ખર્ચ રૂ. ૩.૧૭ કરોડ જેટલો થવાની સંભાવના દર્શાવેલ હતી.ત્યારબાદ તે પરત્વે GWSSB ધ્વારા પાઈપલાઈન નેટવર્ક નાખવાના વિગતવાર અંદાજો તૈયાર કરી તાંત્રિક મંજુરી સાથે રૂ. ૩.૧૭ કરોડ ડીપોઝીટ કરવા વુડાને દરખાસ્ત પાઠવતા અત્રેથી તા.૨૯/૦૧/૨૦૧૯ ના રોજ વુડાના પુર્વ વિસ્તારના વિકસિત ગામોમાં 3 MLDપીવાના પાણી માટે કરવાની થતી કામગીરી માટે બોર્ડની મંજુરીસાથે રૂ. ૩,૧૭,૧૨,૫૦૦/- ડીપોઝીટ પેટે જમા કરાવવામાં આવેલ છે. જે અંગે બોર્ડ બેઠક નં.(૨૩૯) માં ઠરાવવામાં આવેલ હતું.

ઉપરાંત GWSSB દ્વારા જણાવ્યા મુજબ તેઓ દ્વારા કરેલ ટેન્ડર પ્રક્રિયામાં 3 વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે મળેલ ભાવો પરત્વે થનાર રૂ. ૧૯,૬૨,૦૧૦/- ના ખર્ચને મંજુરી આપવા તથા આ પાણી પુરવઠા યોજનાનો કબજો લઈ O & M માટે નક્કી થયેલ ઈજારદારશ્રી સાથે કરાર કરી કામગીરી સોંપવા અંગેની કામગીરીને મંજુરી આપવા સર્વાનુમતે બોર્ડ બેઠક નં. (૨૪૧)માં ઠરાવવામાં આવ્યુ હતું. તેમજ ઈજારદારશ્રી પાસે 03 વર્ષના O & M ની કામગીરી સાથે કરવામાં આવેલ હતું. પીવાના પાણીના નેટવર્કની કામગીરી પુર્ણ થયા બાદ GWSSB દ્વારા વુડાને તા.૨૯/૦૨/૨૦૨૦ થી સુપ્રત કરવામાં આવેલ હતું. આજવા રોડ અને વાઘોડિયા રોડની સોસાયટીઓમાં પાણીનો જથ્થાની વધારે જરૂરિયાત હોવાથી 3 MLD પાણી કરતા વધારે પાણી માટે અત્રે દ્વારા GWSSBને તા. ૩૧/૦૭/૨૦૨૦ ના રોજ વધારાનું 2 MLD પાણી પુરૂ પાડવા પત્ર પાઠવવામાં આવેલ હતો. ત્યારબાદ વધારે પાણીના જથ્થાની મંજૂરી મળ્યા સદર વુડા વિસ્તારની સોસાયટીઓમાં 5 MLD પાણી પુરૂ પાડવામાં આવે છે. તેમ છતાં વુડાના વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીઓ દ્વારા પીવાનું પાણી તેઓને અનિયમિત તથા તેઓની સોસાયટીઓમાં પાણી ન આવતું હોવાની વાંરવાર રજૂઆત કરવામાં આવતી હતી.

GWSSBદ્વારા ફકત પાઈપોની જ વિગત આપવામાં આવેલ હતી. અન્ય કોઈપણ વિગતો આપવામાં આવેલ નથી. જેવી કે As built Drg, DPR મુજબ કેટલી સોસાયટીઓમાં કનેકશન આપેલ છે. DPR મુજબ કેટલી સોસાયટીઓમાં કનેકશન બાકી છે તથા કમ્પલીશન સર્ટીફીકેટ વગેરે આપેલ નથી.જેથી વુડા તથા GWSSBના અધિકારીશ્રી દ્વારા સયુક્ત વિઝીટ કરવા નક્કી કરવામાં આવ્યું. વુડાનામા.મુ.કા.શ્રીઅધિકારીશ્રી તથા કર્મચારીઓ અને પાણી પુરવઠાના ચીફ એન્જીનીયરશ્રી, અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ દ્વારા સયુંકત મુલાકાત દરમ્યાન GWSSB દ્વારા નાખવામાં આવેલ પાણીની લાઈનમાં આપેલ કનેક્સનો ડીઝાઇન મુજબ છે કે નહિ તે અંગે GWSSB પાસેથી મૂળ ડીઝાઇન મેળવી સયુક્ત સાઈટ મુલાકાતકરવા જણાવામાં આવેલ હતું. વુડા અને GWSSB દ્વારા સંયુકત વિઝીટ દરમ્યાન નીચે મુજબ વિગતો ધ્યાને આવેલ છે

1. DPR મુજબ ૬૩ સોસાયટીઓમાંથી ૫૧ સોસાયટીઓને કનેકશન આપવામાં આવેલ હતા. જે ટેન્ડરના શિડ્યુઅલ-બી મુજબ અપાયેલ નથી.
2. સોસાયટીઓના રહીશો દ્વારા ૫૧ સોસાયટીઓ પૈકી ૦૫ (પાંચ) સોસાયટીઓને છેલ્લા ૦૮ થી ૦૬ માસ દરમ્યાન કનેકશન આપવામાં આવેલ હતા.
3. DPR મુજબની અમુક સોસાયટીઓમાં બાંધકામની કામગીરી ચાલુ હોવા છતાં કનેકશન આપેલ હતા (૦૫ સોસાયટીઓ) તથા અમુક સોસાયટીઓમાં કનેક્શન આપેલ હોવા છતાં પીવાનું પાણી સોસાયટીઓને મળતુ નથી (૧૩ સોસાયટીઓ).

(પાછળ)

4. DPR સિવાયનીવધારાની કેટલીક સોસાયટીઓમાં કનેકશન આપવામાં આવેલ હતું તેવું સંયુક્ત વિઝીટ દરમ્યાન જોવા મળેલ છે. તેની વિગતો પણ આપવામાં આવેલ નથી.
5. વુડાની જાણ બહાર DPR માં દર્શાવેલ ૬૩ સોસાયટી માંથી ૧૦ સોસાયટીઓમાં ડ્રોઈંગ મુજબ પાઈપની સાઈઝ અલગ-અલગ જોવા મળેલ હતી.

સદર પીવાના પાણી માટે O & M માટેનો થયેલ કોન્ટ્રાક્ટ ફેબ્રુઆરી ૨૦૨૩માં પૂર્ણ થવા હેઠળ છે. હાલની પરીસ્થિતિને ધ્યાને લેતા પાણી પુરવઠા વિભાગના અધિકારીશ્રીઓ જોડે સયુંકત મીટીગ દરમ્યાન ચર્ચા થયા મુજબ ઉપરોક્ત તમામ સોસાયટીમાં આજવારોડ તથા વાઘોડિયા રોડની સોસાયટીઓમાં ઝોન વાઈઝ અલગ અલગ સમયે પાણી ફાળવવાનું થાય છે. જે માટે હયાત પાઈપલાઈનમાં ઝોનીગ માટે વાલ્વ મુકવા તથા અમુક વિસ્તારોમાં ડેવલોપમેન્ટ દરમ્યાન પાઈપલાઈન તુટી ગયેલ હોઈ તેને વાંરવાર રીપેરીંગ કરવામાં આવેલ છે જેને બદલવાની જરૂર જણાય છે. તથા ગેરકાયદેસર કરેલ કનેક્શનને કાયદેસર કરી પાણી પુરૂ પાડવાનું થાય છે. જે પરત્વે અત્રે દ્વારા સદર પ્રોજેક્ટ માટે O & M માટેનો એસ્ટીમેટ તૈયાર કરી ટેન્ડર બહાર પાડવા તથા વુડા દ્વારા O & M કરવા જણાવેલ છે.O & M ની એજન્સીનો કરાર ટૂંક સમયમાં પૂર્ણ થતો હોવાથી જેમાં પીવાના પાણીની લાઈનની ઝોનીગ કરવા માટે વાલ્વનો, પાઈપ લાઈન રીપેરીંગ કામગીરી તથા O & M ની કામગીરી સમાવિષ્ટ કરવામાં આવેલ છે. અત્રે દ્વારા નવીન ટેન્ડર કરી સદર પાણીની કામગીરી ચાલુ રાખવા માટે પાઈપ લાઈન બદલવાનો તથા ઝોનીગ માટેના વાલ્વ મુકવા ખર્ચ રૂ. ૪૫,૨૬,૮૦૮.૨૦/- (એક વાર) તથા O & M નો ખર્ચ રૂ. ૩૦,૭૧,૩૬૧/- આમ કુલ રૂ. ૮૧,૦૦,૦૦૦.૦૦/- નો અંદાજીત એસ્ટીમેટ બનાવવામાં આવેલ છે. જેમાં તથા જે પરત્વે સદર ખર્ચને મંજુરી આપવા વિનંતી છે. જેથી અત્રે દ્વારા O & M ની સમયમર્યાદા પુર્ણ થતા પહેલા ટેન્ડર બહાર પાડી એજન્સી નક્કી કરવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણયઅંગે રજૂ કરતા સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે તથા મંજુરી અર્થે રજુ કરતા સર્વે સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૮૩૭):વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત GWSSB આધારિત પીવાનું પાણીપુરૂ પાડવાની O & M તેમજ રીપેરીંગની કામગીરી માટે બહાર પાડવામાં આવેલ ટેન્ડર તેમજ ટેન્ડર પરત્વે આજદિન સુધી કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી. વધુમાં શહેરી વિકાસ સત્તામંડળ ના બંધારણ મુજબ વુડા O & M ની કામગીરી કરી શકે તેમ ન હોઈ, આથી પાણી અને ડ્રેનેજ માટે કરવામાં આવેલ/કરવામાં આવનાર O & M ને લગત તમામ પ્રકારની કામગીરી જે તે ગ્રામ પંચાયત દ્વારા કરવાની રહેશે તથા તે અંગે વુડા કચેરી દ્વારા મીટીગનું આયોજન કરીO & M ની કામગીરી માટે (૧) ગ્રામ પંચાયતના સરપંચશ્રી, (૨)ગ્રામ પંચાયતના તલાટીશ્રી અને (૩) સોસાયટીઓના પ્રમુખશ્રી મળી કુલ ૩ સભ્યોની કમિટી બનાવી,જે તે સોસાયટીઓમાં પાણી પૂરું પાડવાની, પાણી તથા ડ્રેનેજનો વેરો વસુલાત કરવાની, GWSSBમાં પાણી ચાર્જ જમા કરાવવાની, લાઈન રીપેરીંગ તેમજ અન્ય કામગીરી કરાવવાની રહેશે. તથા સદર કામગીરીમાં દેખરેખ માટે (૧) મુખ્ય કારોબારી અધિકારી, વુડા (૨) પ્રમુખશ્રી જીલ્લા પંચાયત,વડોદરા (૩)અધિક્ષક ઈજનેરશ્રી, GWSSB (૪) વુડાના વિસ્તારને લગત ધારાસભ્યશ્રી મળી કુલ ચાર સભ્યોની મોનીટરીંગ કમિટી બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર. (૦૮) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં પૂર્વ વિસ્તારમાં આવેલા ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવાના પ્રોજેક્ટ અંતર્ગત ૬૦% રકમ જલ જીવન મિશન હેઠળ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને હવાલે મૂકવા બાબત.

ઉપરોકતવિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વડોદરા મહાનગરપાલિકાની હદને અડીને પૂર્વ વિસ્તારમાં આવેલ ૧૧ ગામો મોજે સયાજીપુરા, અણખોલ, ખટંબા, શંકરપુરા (તા.વડોદરા) તથા મોજે સિકંદરપુરા, જેસંગપુરા, બાકરોલ, શ્રીપોરટીંબી, પવલેપુર, હનુમાનપુરા, આમોદર (તા.વાઘોડિયા) ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાનું આયોજન કરેલ છે.સદર પ્રોજેક્ટને GWSSB,ગાંધીનગરની ૧૮૯ મી તાંત્રિક ચકાસણી ની કમિટીમાં તા.૧૧/૦૪/૨૦૨૨ ના રોજ રૂ.૨૦૩.૭૭ કરોડ માટે તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે તથા GWSSB, ગાંધીનગર ની બોર્ડ બેઠક માં તા. ૧૩/૦૫/૨૦૨૨ ના રોજ વહીવટી મંજુરી આપેલ છે. સદર બોર્ડ બેઠક માં યોજના પેટે ૬૦% રકમ વુડા દ્વારા "જલ જીવન મિશન" ની મેચીંગ ગ્રાન્ટ તરીકે ભોગવવા માટે ઠરાવેલ છે.જે અન્વયે વુડાની તા. ૧૨/૦૭/૨૦૨૨ ના રોજ યોજાયેલી ૨૫૩ મી બોર્ડ બેઠકમાં ઠરાવ ક્રમાંક ૨૮૧૮ થી સદર પ્રોજેક્ટના ૨૦૩.૭૭ કરોડના ૬૦% પેટે અંદાજીત રૂ. ૧૨૩ કરોડ રકમ વુડા દ્વારા ભોગવવા માટે ઠરાવવામાં આવેલ છે.તથા સદર ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવા માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા જલ જીવન મીશન યોજના હેઠળ ૪૦% રકમ ફાળવી આપવા અંગે અત્રેને તા. ૦૧/૦૯/૨૦૨૨ રોજ ના પત્રથી જાણ કરવામાં આવેલ છે.

સદર પ્રોજેક્ટ માટે ઈજારદાર નક્કી કરવા માટે તા. ૧૮/૦૭/૨૦૨૨ ના રોજ www.nprocure.comની વેબસાઈટ પર ઓનલાઈન ટેન્ડર મૂકવામાં આવેલ છે. જે અંતર્ગત સદર પ્રોજેક્ટની ૪૦% રકમ જલ જીવન મિશન હેઠળ વુડાને ફાળવી આપવા માટે મુખ્ય ઇજનેરશ્રી, GWSSB વડોદરાને દરખાસ્ત કરવામાં આવી હતી. જે અન્વયે મુખ્ય ઇજનેરશ્રી, GWSSB વડોદરા દ્વારા જણાવવામાં આવેલ કે જલ જીવન મિશન ના અમલીકરણ માટેના પરિપત્ર અનુસાર, પ્રથમ વુડા દ્વારા ૬૦% રાજ્ય ફાળાની રકમ બોર્ડના હવાલે મૂકવાની રહે છે. ત્યારબાદ, સદર ફંડ Convergence Fund પેટે જમા લઈ જલ જીવન મિશન કાર્યક્રમ હેઠળ ૧૦૦% ફંડની ફાળવણી વુડાને કરવાની રહે છે. આમ, ઉપરોક્ત વિગતે સદર રૂ. ૨૦૩.૭૭ કરોડના પ્રોજેક્ટના ૬૦% પેટે રૂ. ૧૨૨.૨૬ કરોડ રાજ્યફાળાની રકમ જલ જીવન મિશન કાર્યક્રમ હેઠળ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને હવાલે મૂકવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અંગે રજૂ કરતા સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે તથા મંજુરી અર્થે રજુ કરતા સર્વે સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૮૩૮): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની હદમાં પૂર્વ વિસ્તારમાં આવેલા ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવાના પ્રોજેક્ટ અંતર્ગત ૬૦%રાજ્ય ફાળાની રકમ જલ જીવન મિશન હેઠળ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડને હવાલે મુકવા અંગે મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર. (૦૯) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં આવેલ નગર રચના યોજનાઓના રસ્તાઓના મેન્ટેનન્સની કામગીરી માટે વહીવટી મંજુરી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત સરકારશ્રી દ્વારા જે નગર રચના યોજનાઓ મંજુર કરેલ/પ્રારંભીક મંજુર થયેલ અથવા તો ડ્રાફ્ટ સ્ટેજે મંજુર થયેલ નગર રચના યોજનાઓના અમલીકરણની કામગીરી કરવામાં આવી રહેલ છે. વુડા દ્વારા નગર રચના યોજનાઓમાં અમલીકરણની કામગીરી વર્ષ-૨૦૦૮ થી શરૂ કરવામાં આવેલ હતી. જે નીચે મુજબ છે.

| અનુ. નં. | ટી.પી.સ્કીમના નામ | અનુ. નં. | ટી.પી.સ્કીમના નામ |
|---|---|---|---|
| ૧. | મોજે વેમાલી ટી.પી.સ્કીમ નં. ૧ | ૯. | સમા-દુમાડ-વેમાલી ટી.પી.સ્કીમ નં. ૨ |
| ૨. | બીલ ટી.પી.સ્કીમ નં. ૧ | ૧૦. | સેવાસી ટી.પી.સ્કીમ નં. ૨ |
| ૩. | ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧ | ૧૧. | સેવાસી ટી.પી.સ્કીમ નં. ૩ |
| ૪. | સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ | ૧૨. | હરણી ટી.પી.સ્કીમ નં. ૨ |
| ૫. | ભાયલી ટી.પી.સ્કીમ નં. ૨ | ૧૩. | સેવાસી–ખાનપુર ટી.પી.સ્કીમ નં. ૧ |
| ૬. | ભાયલી ટી.પી.સ્કીમ નં. ૩ | ૧૪. | ખાનપુર-અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨ |
| ૭. | ભાયલી ટી.પી.સ્કીમ નં. ૪ | ૧૫. | નિમેટા ટી.પી.સ્કીમ નં. ૧ |
| ૮. | સમીયાલા-બીલ-ભાયલીટી.પી.સ્કીમ નં. ૫ | | |

ઉકત દર્શાવેલ ૧૫ ટી.પી.સ્કીમોમાં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. તેમજ સરકારશ્રીના તા. ૧૮/૦૬/૨૦૨૦ ના રોજના જાહેરનામા મુજબ ઉકત દર્શાવેલ અનુ. નં. ૧ થી ૧૨ ટી.પી.સ્કીમનો વડોદરા મહાનગરપાલિકામાં સમાવેશ થયેલ છે. જે પૈકી અનુ. નં. ૧૩, ૧૪ અને ૧૫ હાલ વુડા હસ્તક છે. જેની વિગત નીચે મુજબ છે.

| અનુ. નં. | કામનું નામ | કી.મી. | કાર્ય પૂર્ણ થવાની વાસ્તવિક તારીખ | મરામત અને નિભાવણીની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|
| ૧. | મોજે સેવાસી-ખાનપુર ટી.પી.સ્કીમ નં. ૧ માં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી. | ૭.૧૪ | ૨૭/03/૨૦૧૬ | ૨૭/03/૨૦૧૯ |
| ૨. | મોજે ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ માં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી. | ૬.૭૩૦ | ૨૮/03/૨૦૧૬ | ૨૮/03/૨૦૧૯ |
| ૩. | મોજે નિમેટા ટી.પી.સ્કીમ નં. ૧ માં કાર્પેટ રોડ બનાવવાની કામગીરી. | ૪.૮૭ | 30/૦૭/૨૦૧૯ | 30/૦૭/૨૦૨૨ |
| | કુલ | ૧૮.૭૪ | | |

(પાછળ)

ઉકત ટી.પી.સ્કીમોમાં મરામત નિભાવણીની સમયમર્યાદા પુર્ણ થયેલ હોવાથી તેમાં જરૂરી જંગલ કટીંગ, સાઈડ સોલ્ડર રીપેરીંગ તથા પેચવર્કની કામગીરી વુડા દ્વારા કરવાની થાય છે. જેમાં સેવાસી- ખાનપુર ટી.પી.સ્કીમ નં. ૧ માં અંદાજીત રૂ. ૧.૩૦ કરોડ ખાનપુર-અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨ માં રૂ. ૧.૧૦ કરોડ તથા નિમેટા ટી.પી.સ્કીમ નં. ૧ માં રૂ. ૦.૫૬ કરોડ જેટલો ખર્ચ થાય તેમ છે. ઉકત વિગત ધ્યાને લઈ ૦૨ વર્ષના સમયગાળા દરમ્યાન રસ્તાની મરામત તથા નિભાવણીની કામગીરી માટે કરવાના થતા ખર્ચની જરૂરી મંજુરી મેળવી કામગીરી કરાવવામાં આવશે. સદર બાબતે અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૮૩૯):** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમોમાં મરામત નિભાવણીની સમયમર્યાદા પુર્ણ થયેલ હોવાથી તેમાં જરૂરી જંગલ કટીંગ, સાઈડ સોલ્ડર રીપેરીંગ તથા પેચવર્કની કામગીરી માટે સેવાસી- ખાનપુર ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨ અને નિમેટા ટી.પી.સ્કીમ નં. ૧ માં બનાવવામાં આવેલ કાર્પેટ રોડના ને ૦૨ વર્ષના સમયમર્યાદા માટે પી.એમ.સી. ને કામગીરી સોંપી અંદાજપત્રક તૈયાર કરાવી કરવાના થતા ખર્ચની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર (૧૦) :** વુડાની ટી.પી.સ્કીમોમાં બાગ-બગીચા, વૃક્ષારોપણ માટે સંપ્રાપ્ત થયેલ પ્લોટોમાં ચેઈનલીંક ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ અને ગેટ બનાવવાની કામગીરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિમેઠા ટી.પી.સ્કીમ નં. ૦૧, ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ અને ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૦૨ ના વિસ્તારની આબોહવામાં સમતુલન જણવાઈ રહે તથા સ્વચ્છ હવા મળી રહે તથા જેતે જમીનોની યથાયોગ્ય જાળવણી પણ થઈ શકે તે હેતુથી ટી.પી.સ્કીમોમાં બાગ-બગીચા માટે નિમેઠા ટી.પી.સ્કીમ નં. ૦૧ ના એફ.પી.નં ૩૨, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૦૨ એફ.પી. નં ૦૨ તથા ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ એફ.પી.નં ૧૧૧ અને ૧૧૩માં મળી કુલ ૦૪ (ચાર) પ્લોટોમાં વૃક્ષા રોપણ, પાણીનો એક બોર, પંપરૂમ ના કુલ ૩ વર્ષના O & M ની કામગીરી કરવાનું નક્કી થતા વુડા બોર્ડ બેઠક નં ૨૪૯ ઠરાવ ક્રમાંક ૨૭૬૬ થી મળેલ મંજુરી અન્વયે ટેન્ડર પ્રકિયા કરી ઈજારદાર નક્કી કરી ઈજારદારશ્રી જાનવી એન્ટર પ્રાઈઝ વડોદરાને વૃક્ષારોપણ ની કામગીરી માટે વર્કઓર્ડર આપેલ છે. હાલ ઈજારદારશ્રી દ્વારા વૃક્ષારોપણની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેના સંરક્ષણ માટે કમ્પાઉન્ડ વોલ કરવી જરૂરી જણાય છે.

વુડા બોર્ડ બેઠક નં. ૨૪૮ ના ઠરાવ ક્રમાંક નં.૨૭૫૫ મુજબ મળેલ મંજુરી અન્વયે કુલ ૧૨૮ જેટલા પ્લોટોમાં હાલ ચેઈનલીંક તથા કમ્પાઉન્ડ વોલની કામગીરીનુ ટેન્ડર ૦૪ (ચાર) વખત બહાર પાડેલ છે. જેમાં હાલ વૃક્ષારોપણની કામગીરીના નિમેઠા ટી.પી.સ્કીમ નં. ૦૧ ના એફ.પી.નં ૩૨ તથા ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૦૨ એફ.પી. નં ૦૨ ના પ્લોટોનો ચેઈનલીંક તથા કમ્પાઉન્ડ વોલ ની કામગીરીમાં સમાવેશ થયેલ છે પરંતુ ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ એફ.પી.નં ૧૧૧ અને ૧૧૩ નું સદર કામગીરીમાં સમાવેશ થયેલ નથી. આથી વૃક્ષારોપણવાળા પ્લોટોમાં હાલ કામગીરી ચાલુ છે તથા નિયમિત સમયમાં પૂર્ણ કરી બાગ-બગીચાના સંરક્ષણ કરવા માટે ચેઈનલીંક ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ અને ગેટ બનાવવાની કામગીરી તાકીદે પૂર્ણ કરવી જરૂરી છે. જેના માટે વૃક્ષારોપણ વાળા ૪(ચાર) પ્લોટોનો સર્વે કરી ચેઈનલીંક ફેન્સીંગની કામગીરી કરવા માટે અંદાજીત રૂ. ૩૫,૯૬,૫૫૦/- નો ખર્ચ થાય તેમ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અનુ.નં. | ટી.પી.સ્કીમ નં. | એફ.પી. નં. | અંદાજીત ખર્ચ |
|---|---|---|---|
| ૧. | નિમેઠા ટી.પી.સ્કીમ નં. ૦૧ | ૩૨ | ૬,૭૦,૦૮૭/- |
| ૨. | ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ | ૧૧૧ | ૧૦,૨૭,૯૫૯/- |
| ૩. | ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૦૧ | ૧૧૩ | ૪,૯૬,૭૨૦/- |
| ૪. | ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૦૨ | ૦૨ | ૧૪,૦૧,૭૮૪/- |
| | કુલ | | ૩૫,૯૬,૫૫૦/- |

ઉક્ત ચાર પ્લોટોમાં ચેઈનલીંક ફેન્સીંગ માટે અંદાજીત કુલ ખર્ચ રૂ. ૩૫,૯૬,૫૫૦/- (પાત્રીસ લાખ છણું હજાર પાંચસો પચાસ પુરા/-) ની મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા માન. ચેરમેનશ્રીના સુચન મુજબ વુડાની માલિકીના ટ્રાન્સપોર્ટ નગર વાળા પ્લોટોમાં પણચેઈનલીંક ફેન્સીંગવળી કમ્પાઉન્ડ વોલ તથા વુડાની માલિકીના નામ વાળું બોર્ડ અને ગેટ બનાવવા માટે મંતવ્ય હતુ જે અંગે સર્વે સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૪૦)** :વુડાની ટી.પી.સ્કીમોમાં બાગ-બગીચા, વૃક્ષારોપણ માટે સંપ્રાપ્ત થયેલ પ્લોટોમાં ચેઈનલીંક ફેન્સીંગ, કમ્પાઉન્ડ વોલ અને ગેટ બનાવવાની કામગીરી કરવા એસ્ટીમેટ બનાવી ટેન્ડર બહાર પાડી થનાર ખર્ચને તથા આ ઉપરાંત ટ્રાન્સપોર્ટ નગર વાળા વુડાની માલિકીના પ્લોટોમાં પણ પી.એમ.સી ની નિમણૂંક કરી અંદાજ તૈયાર કરી ચેઈનલીંક ફેન્સીંગવાળી કમ્પાઉન્ડ વોલ તથા વુડાની માલિકીના નામ વાળું બોર્ડ અને ગેટ બનાવવાની કામગીરીને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર. (૧૧) :** વુડા ભવન બિલ્ડીંગમાં આવેલ બે નંગ લીફ્ટ પૈકી લીફ્ટ નં (૦૨) માટે નવી લીફ્ટની કામગીરી કરવા તથા તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા "વુડા ભવન" બિલ્ડીંગનું બાંધકામ વર્ષ – ૨૦૦૦ માં કરવામાં આવેલ છે. જેમાં બેઝમેન્ટમાં કોમન પાર્કીગ, ગ્રાઉન્ડ ફ્લોર પર વુડા પાર્કીગતથા પ્રથમ થી નવ માળનું આયોજન કરવામાં આવેલ, તેમાં વુડા કચેરી, આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડીયાની, ફાયરની ઓફીસ, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર(સ્પીપા), કમિશનર પ્રાદેશિક નગર પાલીકા, સુમન માર્બલ, અમસા હોલ્ડીંગ, તથા સયાજીગ્રીન માર્બલ જેવી ઓફીસો આવેલ છે. તે પૈકી ૩, ૭, ૮ અને ૯ માળ વેચાણથી આપવામાં આવેલ છે. હાલમાં વુડા ખાતેની લીફ્ટ નં (૦૨) અંદાજીત ૨૦ વર્ષ જૂની છે. જે વારંવાર બંધ થઈ જતી હોવાથી વુડા ભવનમાં આવતા અધિકારીશ્રીઓ, કર્મચારીઓ તથા અરજદારોને તકલીફ પડે છે અને વારંવાર સમારકામ, નવીન પાર્ટસ લગાડવાની કામગીરી કરાવી લીફ્ટ ચાલુ કરાવવામાં આવે છે. જેથી જૂની લીફ્ટ નીકાળી તેના સ્થાને નવી લીફ્ટ લગાડવી હિતાવહ જણાય છે. લીફ્ટ નં (૦૨) માં નવી લીફ્ટ લગાડવામાં આવે તો અંદાજીત રૂ. ૩૦,૦૦,૦૦૦/- નો ખર્ચ થાય તેમ છે, આથી વુડા ભવનમાં લીફ્ટ નં (૦૨) માં નવી લીફ્ટ લગાડવા માટે તથા તે અંગે થનાર ખર્ચને મંજૂરી આપવા વિનંતી છે.

વધુમાં સદર વુડા ભવન બિલ્ડીંગમાં મેન્ટેનન્સની સમગ્ર કામગીરી કરવા હાલ કોમન એકાઉન્ટમાં ફંડ ન હોવાથી તમામ ખર્ચ વુડા કચેરી ધ્વારા કરવા સંમતિ તથા નિર્ણય તથા મંજુરી અર્થે તદ્દઉપરાંત રજુઆત મુજબની કામગીરી પુર્ણ થયા બાદ વરાડે પડતી રકમ દરેક ફ્લોરના ડાયરેકટરશ્રી/માલીકો પાસેથી વસુલવાની રહે છે. તે અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા અર્થે તથા મંજુરી અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

<u>ઠરાવ ક્રમાંક (૨૮૪૧):</u> **વુડા ભવન બિલ્ડીંગમાં આવેલ બે નંગ લીફ્ટ પૈકી લીફ્ટ નં (૦૨) માટે નવી લીફ્ટની કામગીરી કરવા તથા તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવામાં આવી તથા વુડા ભવન બિલ્ડીંગના હાલ કોમન એકાઉન્ટમાં ફંડ ન હોવાથી તમામ ખર્ચ વુડા કચેરી ધ્વારા કરવા તથા કામગીરી પુર્ણ થયા બાદ વરાડે પડતી રકમ દરેક ફલોરના ડાયરેકટરશ્રી/માલીકો પાસેથી વસુલાત કરવાનું ઠરાવવામાં આવ્યું. તથા તે અંગે અત્રેની કચેરીમાં એમપેનલ્ડ પી.એમ.સી એજન્સી પૈકી પી.એમ.સી ની નિમણૂંક કરી અંદાજ તૈયાર કરવાની તથા તે અંગે આગળની કાર્યવાહીની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.**

**મુદ્દા નંબર. (૧૨)** : વુડા વિસ્તારના દશરથ, કરચીયા અને બાજવા ખાતે ડ્રેનેજ લાઈન, પમ્પીંગ સ્ટેશન અને એસ.ટી.પી. બનાવવાની કામગીરી બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા દ્વારા કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો અંતર્ગત ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ, વડોદરા દ્વારા ડિપોઝીટ વર્ક પેટે વુડા વિસ્તારના દશરથ, કરચીયા અને બાજવા ગામમાં ગ્રામજનોને સુવિધા મળી રહે તે હેતુથી આ ૦૩ (ત્રણ) ગામમાં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન, પમ્પીંગ સ્ટેશન અને ૦૩ (ત્રણ) ગામ વચ્ચે ડ્રેનેજ લાઈનના મલીનજળના શુધ્ધિકરણ માટે ૦૧ (એક) એસ.ટી.પી. બનાવવા માટે અત્રેની કચેરીએ રજુઆત કરવામાં આવેલ હતી. જે બાબતે સક્ષમ કક્ષાએથી સુચના મળતા અત્રેની કચેરી હસ્તક પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટની કામગીરી કરતા કન્સલટન્ટશ્રી ધવલ એન્જીનીયર, ગાંધીનગર પાસે સર્વે કરાવી અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઈન, પમ્પીંગ સ્ટેશન અને એસ.ટી.પી. બનાવવા માટે અંદાજ તૈયાર કરવામાં આવેલ છે. જેની અંદાજીત રકમ રૂ. ૩૮.૦૦ કરોડ (અંકે રૂપિયા આડત્રીસ કરોડ પુરા) જેટલી થાય છે. વધુમાં જણાવવાનું કે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા દ્વારા ડ્રાફ્ટ લેવલથી મંજુર થયેલ ટી.પી.સ્કીમોમાં બેઝીક ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી કરવામાં આવે છે. જે ધ્યાને લઈ ઉકત અંદાજીત રૂ. ૩૮.૦૦ કરોડ (અંકે રૂપિયા આડત્રીસ કરોડ પુરા) ના ખર્ચે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ, વડોદરા સાથે ડિપોઝીટ વર્ક પેટે કન્સલટન્ટની નિમણુંક કરી સદર કામગીરી કરવી કે કેમ તેના યોગ્ય તે નિર્ણય અર્થે તેમજ સદર કામગીરીમાં પી.એમ.સી. ની નિમણુંક થયા બાદ અંદાજ તૈયાર કરી તૈયાર થયેલ અંદાજ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ, વડોદરામાં મોકલી તેઓ દ્વારા અંદાજ મુજબની રકમ અત્રેની કચેરીમાં જમા કરાવ્યા બાદ જ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તે અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૮૪૨):** વુડા વિસ્તારના દશરથ, કરચીયા અને બાજવા ખાતે ડ્રેનેજ લાઈન, પમ્પીંગ સ્ટેશન અને એસ.ટી.પી. બનાવવાની કામગીરીમાં પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટશ્રી દ્વારા તૈયાર કરેલ અંદાજ મુજબ રૂ. ૩૮.૦૦ કરોડ (અંકે રૂપિયા આડત્રીસ કરોડ પુરા) ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડ, વડોદરા દ્વારા વુડા ખાતે જમા કરાવ્યા બાદ આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ.

**મુદ્દા નંબર (૧૩) :વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-એ(સુંદરપુરા-ધનિયાવી) નો ઇરાદો જાહેર કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે સુંદરપુરા અને ધનિયાવી ગામના વિસ્તારમાંમુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ,વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે સુંદરપુરા અને ધનિયાવીમાં મંજુર દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫ મીટર રસ્તાઓ મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઈ, વુડાની તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧)હેઠળહદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૧/૧૧/૨૦૨૧ ના પત્ર નં. યુડીએ/પ્લાન-૨/૨૦૮૩/૨૦૨૦ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા. ૧૫/૦૨/૨૦૨૨ નાપત્ર નં. દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં.૨૬/એ(સું.-ધ)/૫૪૪ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૩૨૭ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગરરચના યોજના તૈયાર કરવા માટે ઇરાદો જાહેર કરવા અંગે વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૪૩):** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી)બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૪) :વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-બી(વોરાગામડી) નો ઇરાદો જાહેર કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે વોરાગામડી ગામના વિસ્તારમાંમુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળ,વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે વોરાગામડીમાં મંજુર દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫ મીટર રસ્તાઓ મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઈ, વુડાની તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧)હેઠળહદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૧/૧૧/૨૦૨૦ ના પત્ર નં. યુડીએ/પ્લાન-૨/૨૦૮૪/૨૦૨૦ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા. ૧૫/૦૨/૨૦૨૨ નાપત્ર નં. દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં.૨૬/બી(વો.)/૫૪૨ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૨૬-બી (વોરાગામડી) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૩૨૨ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગરરચના યોજના તૈયાર કરવા માટે ઇરાદો જાહેર કરવા અંગે વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૪૪ ) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-બી (વોરાગામડી)બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૫) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગર રચનાયોજનાનં.નં.૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે ચિખોદ્રા અને અલ્હાદપુરા ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૯૭૬ ની ૪૧(૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજે ચિખોદ્રા, અલ્હાદપુરામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫મી. રસ્તો મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઇ, વુડાની તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧)હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૦૧/૦૧/૨૦૨૧ ના પત્રનં.યુડીએ/પ્લાન-૨/૦૧/૨૦૨૧ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા.૧૫/૦૨/૨૦૨૨ નાપત્ર ક્રમાંકઃ દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં. ૨૬/સી(ચિ.-અ.)/૫૪૩ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૪૯૮.૦૯ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગરરચના યોજના તૈયાર કરવા માટે ઈરાદો જાહેર કરવા અંગે વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાનાઅંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૪૫) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬/સી (ચિખોદ્રા, અલ્હાદપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૬) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટસૂચિત મુસદ્દારૂપ નગર રચનાયોજનાનં.નં.૨૮/ડી(બાકરોલ, જેસંગપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે બાકરોલ અને જેસંગપુરા ગામના વિસ્તારમાં મુસદ્દારૂપ નગર નગર રચના યોજના બનાવવા અર્થે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૧૯૭૬ ની ૪૧(૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોજેબાકરોલ, જેસંગપુરામાં રહેણાંક ઝોનમાં આવતી જમીનોમાં સૂચિત રસ્તાઓ પૈકી મુખ્ય ૭૫મી. રસ્તો મળે તે હેતુસર તેમજ ઝડપી વિકાસ થઈ રહેલ હોઇ, વુડાની તા.૦૬/૦૨/૨૦૨૦ ના રોજ યોજાયેલ ૨૪૨ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૨૬૭૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧)હદ પરામર્શ મેળવવા ઠરાવતા અત્રેથી તા. ૨૫/૦૮/૨૦૨૧ ના પત્રનં.યુડીએ/પ્લાન-૨/૧૧૧/૨૦૨૧ થી મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત પાઠવેલ. જે સંદર્ભે મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરથી તા.૧૫/૦૨/૨૦૨૨ નાપત્ર ક્રમાંકઃ દ.ગુ./વુડા/૪૧(૧)/નરયો નં. ૨૮/ડી(બા.-જે.)/૫૩૯ થી વિવિધ શરતોને આધીન મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૨૮/ડી (બાકરોલ,જેસંગપુરા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને પરામર્શ આપવામાં આવેલ છે. જેનો અંદાજિત વિસ્તાર ૨૯૫ હેક્ટર છે. હવે સદરહું હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ મુસદ્દારૂપ નગરરચના યોજના તૈયાર કરવા માટે ઈરાદો જાહેર કરવા અંગે વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૪૬) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮/ડી (બાકરોલ,જેસંગપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૭) : મોજે. વડોદરા કસ્બા રે.સ.નં.૭૦૩ પૈકી ૧, ક્ષેત્રફળ ૪૬૫૨ ચો.મી. જમીન નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી સ્થાનીક વાણીજય ઝોનમાં ફેરવવા બાબત.**

મોજે. વડોદરા કસ્બા ખાતે રે.સ.નં.૭૦૩ પૈકી ૧, ક્ષેત્રફળ ૪૬૫૨ ચો.મી. વાળી જમીન વુડાની હાલ મંજુર અને અમલી દ્વીતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાં સ્થિત થયેલ છે. આ જમીનને સ્થાનીક વાણીજય ઝોનમાં ફેરવવા માટે અરજદારશ્રી ઉમેદભાઇ બેચરભાઇ પટેલ તથા અન્ય દ્વારા માંગણી કરેલ છે.

વુડાની હાલ મંજુર અને અમલી દ્વીતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં સુચિત જમીન નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાં સમાવેશ થયેલ છે. સુચિત જગ્યામાં અગાઉ ઔદ્યોગિક અંગેની કામગીરી થતી હતી. જેના કારણે ત્યાં નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોન રાખવામાં આવેલ હતો. પરંતુ સદર જમીનની આસપાસ હાલમાં ખુબ જ રહેણાંક તથા કોમર્શીયલ વિકાસ થઇ રહેલ છે. અને શહેરના ભરચક વિસ્તારમાં આવેલ છે. જેના કારણે અરજદાર દ્વારા સદર જગ્યામાં તેઓ દ્વારા ચલાવવામાં આવતી ઔદ્યોગિક અંગેની કામગીરી બંધ કરેલ છે અને હાલ જગ્યા ખુલ્લી છે. સુચિત જમીન ખાસવાડી સ્મશાનની પાછળ જલારામ મંદિર પાસે મુખ્ય રોડ પર આવેલ છે. જેના કારણે તેઓ દ્વારા સુચિત જમીનને નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી સ્થાનીક વાણીજય ઝોનમાં ફેરવવાની માંગણી કરેલ છે. તે દરેક બાબતોને ધ્યાને લેતા રે.સ.નં.૭૦૩ પૈકી ૧, ક્ષેત્રફળ ૪૬૫૨ ચો.મી. જમીનને સ્થાનીક વાણીજય ઝોનમાં ફેરવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૨૮ માં મુદ્દા નં.૨૩૪૮ મુજબ રજુ કરાતા તેમાં થયેલ ઠરાવ મુજબ આ વિસ્તારમાં અન્ય જમીનોની વિગતવાર ચકાસણી કરી ફરીથી બોર્ડ સમક્ષ રજુ કરવાનું નક્કી થતા તે અંગે જણાવવાનું કે સુચિત પ્લોટની ઉત્તર તરફ રહેણાંકના મકાનો, પ્રેસ, મંદિર વિગેરે આવેલ છે. પશ્ચિમ દિશામાં સ્મશાન તથા ટ્રાન્સપોર્ટ અંગેની ઓફીસો આવેલ છે. પુર્વ દિશામાં રહેણાંક/કોમર્શીયલ બાંધકામો આવેલ છે. દક્ષિણ દિશામાં પણ રહેણાંક/કોમર્શીયલ બાંધકામો આવેલ છે. આ સંજોગોમાં સુચિત પ્લોટના રેસીડન્સ સર્વે નં.૭૦૩ પૈકી ૧ ની ૪૬૫૨ ચો.મી. જમીનને સ્થાનિક વાણીજય ઝોનમાં ફેરવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ રજુ કરાતાં તેમાં થયેલ ચર્ચા અન્વયે આવેલ અરજી પરત્વે સમગ્ર વિસ્તારના વિકાસને ધ્યાને લઇ તથા વડોદરા મહાનગર સેવાસદન દ્વારા આ અંગે આપેલ હકારાત્મક અભિપ્રાય અને ધ્યાને લેતાં, સુચિત આવેલ અરજીમાં દર્શાવ્યા મુજબ રે.સ.નં.૭૦૩ પૈકી ૧ ની જમીનમાં ઉચીત નિર્ણય લેવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૮૪૭) :**મોજે. વડોદરા કસ્બા રે.સ.નં.૭૦૩ પૈકી ૧, ક્ષેત્રફળ ૪૬૫૨ ચો.મી. જમીન નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી સ્થાનીક વાણીજય ઝોનમાં ફેરવવા બાબતે બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણના અંતે સવાલવાળી જમીનને નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી સ્થાનીક વાણીજય ઝોનમાં ફેરવવા ઝોન ફેર કરવા સંબંધે કાયદાની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૧૮) :વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટમુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી)નેએક કરતા વધારે ભાગમાં વિભાજીતકરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવાબાબત.**

અત્રેની કચેરી દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી) તૈયાર કરી તા.૦૯/૧૦/૨૦૧૮ થી સરકારશ્રીમાં અધિનિયમની કલમ ૪૮(૧) મંજુરી અર્થે સાદર કરેલ. જેને સરકારશ્રીના તા.૨૫/૦૫/૨૦૨૨ ના નોટીફિકેશનનં. GH/V/60 OF 2022/TPS-122018-7239-Lથી ફેરફાર સુચવી અધિનિયમની કલમ ૪૮(૨) હેઠળ પરત કરવામાં આવેલ છે. જેના મુદ્દા નં.3 માં જણાવ્યાનુસાર પ્રસ્તૃત યોજનાનો વિસ્તાર ૧૫૯૦ હેકટર જેટલો મોટો હોઇ જરૂરી જણાય તો તેને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા માટે અધિનિયમની જોગવાઇઓ અનુસરી કાર્યવાહી કરવા જણાવેલ છે.

આમ, ઉકત સુચન અન્વયે સદરહું યોજનાને સ્પીલટ કરી ડી.આઇ.એલ.આર.શ્રીનું મહેનતાણું મેળવી અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવાની કાર્યવાહી કરવાની રહે. જેથી હાલ વુડામાં સમાવિષ્ટ વિસ્તારમાં સદરહું યોજનાની અંદાજીત ૨૦૦-૨૫૦ હેકટર ની એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ તૈયાર કરવા માટે વુડા બોર્ડ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ,

**ઠરાવ ક્રમાંક (૨૮૪૮):**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી) બાબતે સરકારશ્રીનાસુધારા અર્થે પરત કરતી વેળાના તા.૨૫/૦૫/૨૦૨૨ ના નોટીફિકેશનના અનુસંધાને અંદાજીત ૨૦૦ થી ૨૫૦ હેકટરમાં વિભાજીત કરી તે મુજબની નવી હદો દર્શાવી તે પરત્વે ડી.આઇ.એલ.આર.શ્રીનું નિમતાણું મેળવી સદર સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો ફેર હદ પરામર્શ મેળવવાની કરવાની થતી સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.તથા વિભાજીત સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓની આયોજનની સમય મર્યાદા નક્કી કરી આગામી બોર્ડ સમક્ષ રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નંબર (૧૯): મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (આઇ.ટી.નોડ) ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત.**

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (આઇ.ટી.નોડ) (વેમાલી-દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા) ની દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરી દ્વારા તા.૦૬/૦૧/૨૦૧૫ થી નામદાર સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ. જે પરત્વે નામદાર સરકારશ્રીદ્વારા તા.૨૨/૦૯/૧૫ ના નોટીફિકેશન નં.GH/V/265 of 2015/TPS-122015-283-L થી કલમ ૪૮(૨) હેઠળ જરૂરી સુધારા/પુર્તતા અર્થે સદર યોજના પરત કરવામાં આવેલ. જે સુધારાના ૧૪ મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૪ થી સદર યોજના વિસ્તારમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી જે સર્પાકાર છે તેને જળસંપત્તિ વિભાગના સંપર્કમાં રહી રી-એલાઇમેન્ટ કરવા માટે સુચન કરેલ. જે પરત્વે વખતોવખત પત્ર વ્યવહાર તથા મીટીંગનું આયોજન કરાયેલ જે તમામ વિગતો ધ્યાને લઇ અત્રેની કચેરીના તા.૨૨/૦૧/૨૦૨૧ તથા તા.૨૮/૦૯/૨૧ ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પત્ર પાઠવી જરૂરી માર્ગદર્શન/સુચન/નિર્ણય થઇ આવવા પત્ર પાઠવેલ.

આમ, અત્રેની કચેરીના ઉકત પત્ર અન્વયે સેકશન અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૫/૧૧/૨૨ ના પત્ર નં.નરચ-૧૨૨૦૨૨-૮૫૪-લ ની વિગત મુજબ, સદર યોજનાનો કુલ વિસ્તાર ૧૬૧૯.૪૮ હે. હોઇ, તેમજ યોજના વિસ્તારમાંથી વિશ્વામિત્રી નદી પસાર થતી હોઇ ફીઝીકલ બેરીયર ધ્યાને લઇ સદરહું યોજનાને સ્પ્લીટ કરી નવેસરથી અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવી નવેસરથી યોજના બનાવવાની કામગીરી કરવા અજ્ઞાનુસાર જણાવેલ છે.

આમ, ઉકત સુચન અન્વયે સદરહું યોજનાને એક કરતાં વધારે ભાગમાં વિભાજીત કરી ડી.આઇ.એલ.આર.શ્રીનું નિમતાણું મેળવી અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મેળવવાની કાર્યવાહી કરવાની રહે. જેથી હાલ વુડામાં સમાવિષ્ટ વિસ્તારમાં સદરહું યોજનાને અંદાજીત ૨૦૦ હેકટર જેટલી એક કરતાં વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ તૈયાર કરવા માટે વુડા બોર્ડ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ,

**ઠરાવ ક્રમાંક (૨૮૪૯) :**મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩ (આઇ.ટી.નોડ) (વેમાલી-દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા) બાબતે સરકારશ્રીના તા.૦૫/૧૧/૨૦૨૨ ના પત્રના અનુસંધાને ફિઝીકલ બેરીયર ધ્યાને રાખીઅંદાજીત ૨૦૦ થી ૨૫૦ હેકટરમાં વિભાજીત કરી તે મુજબની નવી હદો દર્શાવી તે પરત્વે ડી.આઇ.એલ.આર.શ્રીનું નિમતાણું મેળવી સદર સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો ફેર હદ પરામર્શ મેળવવાની કરવાની થતી સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.તથા વિભાજીત સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓની આયોજનની સમય મર્યાદા નક્કી કરી આગામી બોર્ડ સમક્ષ રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

**અધ્યક્ષ સ્થાનેથી :**

**મુદ્દા નંબર (૦૧): વુડા વિસ્તારમાં ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા જરૂરીયાત અન્વયે સી.જી.ડી.સી.આર ના વિનિયમ ૪.૭ જોગવાઇ મુજબ કમિટીની રચના કરવા બાબત.**

સવિનય જણાવવાનું કે, અમલી સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના વિનિયમ ૪.૭ મુજબ ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા ધ્યાને રાખતા બનાવવાની થતી કમીટી અન્વયેનાસ્ટ્રકચર સેફટી કમિટી બનાવવા કોષ્ટક A માં દર્શાવ્યા મુજબની સભ્યોની કમિટીની રચના કરવા તા.૦૬/૦૫/૨૦૨૨ ના બોર્ડ બેઠકનં.૨૫૧ ના મુદ્દો રજુ રાખતા વુડા બોર્ડ દ્વારા ઠરાવ ક્રમાંક: ૨૭૯૭ થી વુડા વિસ્તારમાં ૪૫.૦ મી. થી વધુ ઉંચાઇ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા અન્વયે સી.જી.ડી.સી.આર.ના વિનિયમ ૪.૭ જોગવાઇ મુજબ રચવાની થતી કમિટીમાં કોષ્ટક- A માં સુચવેલ સભ્યો પૈકી સભ્ય નં.૪ સ્ટ્રકચર એક્ષ્પર્ટ તરીકે પ્રથમ એમ.એસ.યુનિર્વસિટી અથવા એસ.વી.એન.આઇ.ટી. સુરતના પ્રોફેસરોની પ્રથમ સંમતિ લઇ; કોઇ એકને સભ્ય તરીકે પસંદ કરવા તથા ચેરમેન દ્વારા નક્કી કરવામાં આવતા સભ્ય તરીકેના સભ્ય નં.૬ તરીકે સિટી ઇજનેરશ્રી વી.એમ.સી. ને સભ્ય બનાવવાનું નક્કી કરી તે મુજબની કમિટી બનાવવાનું બોર્ડ બેઠકના સર્વે સભ્યોની અનુમતીથી ઠરાવવામાં આવેલ છે.

**કોષ્ટક - A**

| Proposed Committee members details of VUDA | | |
|---|---|---|
| 1 | Chairman of the Authority | Chairman |
| 2 | Chief Executive Authority | Member |
| 3 | Head of the Fire Services of the relevant area | Member |
| 4 | Alpesh Majmudar (Structural Expert) | Member |
| 5 | Superintendent Engineer of Design cell of Road and Building Department | Member |
| 6 | City Engineer (VMC) (Any other person decided by chairman) | Member |

જેઠરાવનાઅનુસંધાનેઅત્રેથીસ્ટ્રકચરલએક્ષ્પર્ટતરીકેસભ્યની નિમણુંક કરવા અંગે હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ, એપ્લાઇડ મિકેનિક્સ ડિપાર્ટમેન્ટ, એમ.એસ.યુનિર્વસિટીના તા.૨૪/૦૫/૨૦૨૨ થી પત્ર પાઠવી સંમતિ મંગાવેલ જેના અનુસંધાને તેઓનો તા.૦૨/૦૬/૨૦૨૨ ના પત્રથી તેઓશ્રી જરૂરી લાયકાત ધરાવતા ન હોઇ સ્ટ્રકચરલ એક્ષ્પર્ટ તરીકે સેવા આપી શકું તેમ ન હોવાની જાણ કરેલ છે. જે પરત્વે અત્રેથી તા.૦૯/૦૬/૨૦૨૨ ના પત્રથી હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ, એપ્લાઇડ મિકેનિક્સ ડિપાર્ટમેન્ટ, SVNIT ની સંમતિ મંગાવેલ. જે અન્વયે તેઓનો તા.૨૦/૦૭/૨૦૨૨ ના પત્રથી તેઓ પણ જરૂરી લાયકાત ધરાવતા ન હોવાનું જણાવેલ છે. જેના અનુસંધાને સદર પ્રકરણે નક્કી થયા મુજબ સ્ટ્રક્ચર એક્ષપર્ટની સભ્ય તરીકે નિમણુંક કરવા અત્રેથી બે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા સ્થાનિક વર્તમાન પત્રોમાં જાહેરાત આપેલ. જે ગુજરાત સમાચાર તથા દિવ્યભાસ્કરમાં તા.૨૨/૦૨/૨૦૨૩ ના રોજ પ્રસિધ્ધ થયેલ. જે જાહેરાત પરત્વે ઝરણા એસોસીએટ્સવતી ડો. વિનુભાઈ આર. પટેલનું ફક્ત એક જ આવેદન અત્રે મળેલ છે.

તેમજ ગતિશક્તિ વિશ્વવિદ્યાલયને તથા SVNIT ના એપ્લાઈડ મિકેનિક્સ ડીપાર્ટમેન્ટને તા. ૨૧/૦૨/૨૦૨૩ થી પાઠવેલ પત્ર પરત્વે ગતિશક્તિ વિશ્વવિદ્યાલય તરફથી કોઈ સંમતિ મળેલ નથી. જ્યારે SVNIT ના સીવીલ ડીપાર્ટમેન્ટના હેડ મારફત એસોસીએટ પ્રોફેસર અને સેક્શન હેડ શ્રી ડૉ. ગૌરાંગ વેશમાવાલા તરફથી ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતા સ્ટ્રક્ચર અન્વયે સ્ટ્રકચરલ ડીઝાઈન અને ડ્રોઈંગ અન્વયે કન્સલ્ટન્સી સર્વિસ પુરી પાડવા સંબંધે તા.૦૩/૦૩/૨૦૨૩ ના પત્રથી અનુમોદન આપેલ છે. જે પત્ર પાના નં. ૨૧૫ પર સામેલ છે. જેની વિગતો જોતા તેઓ દ્વારા સદર સર્વિસીસ પુરી પાડવા રૂ.૨.૫૦/- પ્રતિ ચો.ફુટ ચાર્જ મળે તેમ ઈચ્છા વ્યક્ત કરેલ છે.

તેમજ સદરહું કમિટીમાં વુડાના સભ્ય તરીકે એક સભ્ય નિયુકત કરવા પ્રકરણે નક્કી થયા અન્વયે સીનીયર ટાઉન પ્લાનર, વુડાને સભ્ય તરીકે ઉમેરતા નીચે કોષ્ટક-B માં જણાવ્યા મુજબ કમીટી રચવાની થાય.

**કોષ્ટક - B**

| Proposed Committee members details of VUDA | | |
|---|---|---|
| 1 | Chairman of the Authority | Chairman |
| 2 | Chief Executive Authority | Member |
| 3 | Head of the Fire Services of the relevant area | Member |
| 4 | Structural Expert | Member |
| 5 | Superintendent Engineer of Design cell of Road and Building Department | Member |
| 6 | City Engineer (VMC) | Member |
| 7 | Senior Town Planner, VUDA | Member |

ઉક્ત વિગતો ધ્યાને લેતાં અમલી સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના વિનિયમ ૪.૭ મુજબ ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા ધ્યાને રાખતા બનાવવાની થતી કમીટી અન્વયે કોષ્ટક-B જણાવેલ સભ્યો માન્ય થઇ આવવા તથા (અનુ.નં. ૪) સ્ટક્ચરલ એક્ષપર્ટ તરીકેના સભ્ય તરીકે ડો. વિનુભાઈ આર. પટેલ અથવા SVNIT ના એસોસીએટ પ્રોફેસર અને સેક્શન હેડ શ્રી ડો. ગૌરાંગ વેશમાવાલાની નિમણુંક કરવા અંગે નિર્ણય થઈ આવવા વિનંતી. વધુમાં, જો SVNIT ના એસોસીએટ પ્રોફેસર અને સેક્શન હેડ શ્રી ડો. ગૌરાંગ વેશમાવાલાની નિમણુંક કરવામાં આવે તો તેઓ દ્વારા જણાવેલ ચાર્જ બાબતે નિર્ણય થઈ આવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ,

<u>ઠરાવ ક્રમાંક (૨૮૫૦):</u>અમલી સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના વિનિયમ ૪.૭ મુજબ ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા ધ્યાને રાખતા રચવાની થતી કમીટી અન્વયે ચર્ચા વિચારણાના અંતે કોષ્ટક –B માં દર્શાવ્યા મુજબના સભ્યો તેમજ સદર કમિટીના (અનુ.નં.૪) સ્ટક્ચરલ એક્ષપર્ટ તરીકેના સભ્ય તરીકે ડો. વિનુભાઈ આર. પટેલની નિમણુંક કરવા તથા SVNITની રજુઆત પરત્વે થર્ડ પાર્ટી રીવ્યુઅર તરીકે SVNITની નિમણુંક કરીએ તેમજ અન્ય યુનિર્વસીટીનો પણ સંપર્ક સાધી સંમતી મેળવી; તેઓને પણ થર્ડ પાર્ટી રીવ્યુઅર તરીકે એમપેનલ કરી કમિટી બનાવવાનું તથા એમપેનલો પૈકી અરજદારશ્રી દ્વારા કોઇપણ એક યુનિર્વસીટીને થર્ડ પાર્ટી રીવ્યુઅર તરીકે પસંદ કરવાના રહેશે અને તે પરત્વે ચુકવવાની થતી ફી અરજદારશ્રી/ડેવલોપર્સ પાસે વસુલવાનું ઠરાવવામાં આવ્યું તથા એમપેનલ કરવા અંગેની સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપુર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

અંતમાં સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

સહી/-
સભ્ય-સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

સહી/-
અધ્યક્ષ
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા